


અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 403/ Validup to 2025-27

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ


પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૧૮-૧૧-૨૦૨૫ મંગળવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૨ કારતક વદ ૧૩ વર્ષ : ૩૧ અંક ૭૮




## સંગીત સંધ્યા સાથે 'એક શામ રાજકોટ સોની બોર્ડીંગ કે નામ' કાર્યક્રમ સાથે અવધ હેરીટેજ રિસોર્ટમાં

# અમરેલી પરજીયા સોની સમાજનું ભવ્ય સ્નેહમીલન યોજાયું

**અમરેલી સ્નેહમિલનમાં પધારેલ રાજકોટ પરજીયા સોની જ્ઞાતિ મહામંડળનાં પ્રમુખશ્રી ધીરૂભાઇ સાગર સહિત મહેમાનોને અવધ રિસોર્ટમાં આવકારતા પરજીયા સોની સમાજના મોભી શ્રી ભરતભાઇ ચૌહાણ**

**શ્રી ધીરૂભાઇ ઝગડા, શ્રી કીરણભાઇ નાંઢા, શ્રી વિરેનભાઇ થડેશ્વર, શ્રી ગોપાલ ધોરડા, શ્રી અનીલ થડેશ્વર, શ્રી રાજુભાઇ સાગર, શ્રી પરેશ થડેશ્વર સહિતે ઉઠાવેલ જહેમતથી સુંદર કાર્યક્રમ સંપન્ન**

**અમરેલીના પરજીયા સોની સમાજનાં સ્નેહમીલનમાં રાજકોટ પરજીયા સોની જ્ઞાતિ મહામંડળના પ્રમુખ શ્રી ધીરૂભાઇ સાગર, શ્રી જયંતીભાઇ સુરુ અમદાવાદથી શ્રી શિલ્પેશભાઇ ધોરડા, બગસરાના મામલતદાર શ્રી પ્રશાંતભાઇ ભીંડી, બાબરાથી શ્રી કાળુભાઇ થડેશ્વર, શ્રી અશોકભાઇ ધકાણ, ખાંભાથી ભાસ્કરભાઇ ધકાણ સહિત ઉપસ્થિત રહ્યા : શ્રી દિપક સંઘવી તથા શ્રી પલ્લવી પરમારે સંગીત સંધ્યામાં જમાવટ કરી**



અમરેલી,

અવધ હેરિટેજ રિસોર્ટ ખાતે અમરેલી પરજીયા સોની સમાજનું ભવ્ય સ્નેહમીલન યોજાયું હતું. જેમાં શાનદાર સંગીત સંધ્યા સાથે 'એક શામ રાજકોટ સોનીબોર્ડીગ કેનામ' કાર્યક્રમ પણ યોજાયો હતો.

રાજકોટ પરજીયા સોની જ્ઞાતિ મહામંડળનાં પ્રમુખ શ્રી ધીરૂભાઇ સાગર સહિત મહેમાનોને અવધ હેરિટેજ રિર્સોટમાં પરજીયા સોની સમાજના જ્ઞાતિ રત્ન શ્રી ભરતભાઇ ચૌહાણે આવકાર્યા હતાં.

અમરેલીના પરજીયા સોની સમાજનાં સ્નેહમીલનમાં પધારેલા રાજકોટ પરજીયા સોની જ્ઞાતિ મહામંડળના પ્રમુખ શ્રી ધીરૂભાઇ સાગર, શ્રી જયંતીભાઇ સુરુ અમદાવાદથી શ્રી શિલ્પેશભાઇ કનુભાઇ ધોરડા, બગસરાના મામલતદાર શ્રી પ્રશાંતભાઇ ભીંડી, બાબરાથી પરજીયા સોની સમાજ વતી શ્રી કાળુભાઇ થડેશ્વર, શ્રી અશોકભાઇ ધકાણ, ખાંભાથી શ્રી ભાસ્કરભાઇ ધકાણ સહિત અમરેલીનાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતાં.

બાબરા પરજીયા સોની સમાજ દ્વારા પરજીયા સોની સમાજનાં મોભી શ્રી ભરતભાઇ ચૌહાણનું સન્માન કરવામાં આવ્યું હતું. અવધ હેરિટેજ રિસોર્ટ દ્વારા પરજીયા સોની બોર્ડિંગનાં વિદ્યાર્થીઓને ભણતરમાં ઉપયોગી સ્મૃતિ ભેટ શ્રી ભરતભાઇ ચૌહાણ, શ્રી વિજયભાઇ ચૌહાણ, શ્રી રોમીલભાઇ ચૌહાણનાં હસ્તે અર્પણ કરવામાં આવી હતી અને રાજકોટ સોની બોર્ડિંગનાં અમરેલીની મુલાકાતે આવેલ વિદ્યાર્થી શ્રી પ્રેમ ચલ્લા (ભાટીયા)નો રવિવારે બર્થડે હોય તેને કેક કાપી ઉજવવામાં આવ્યો હતો. અમરેલી સોની સમાજનાં સ્નેહમિલનમાં ઉપસ્થિત રહેલ રાજકોટ બોર્ડિંગનાં વિદ્યાર્થીઓ સર્વશ્રી ઓમ ધોરડા-મહુવા, શ્રી પ્રેમ ચલ્લા-ભાટીયા, શ્રી મયંક વાયા-જામખંભાળીયા, શ્રી રાજવીર વાયા-જામખંભાળીયા, શ્રી હર્ષ ચલ્લા-ઉના, શ્રી મયુર હંજ-મોટી વાવડી, શ્રી ઋષી ધકાણ-મેંદરડા, શ્રી હર્ષ થડેશ્વર- જુના વાઘણીયા, શ્રી મોહિત ઘઘડા - જામજોધપુર, શ્રી અર્જુન વાયા - જામદેવળીયા, શ્રી સોહમ લુહાર - પાલીતાણા, શ્રી અમન સાગર-ઢસા, ગૃહપતી શ્રી નિતીનભાઇ આહિર દ્વારકાએ દિવસભર સ્વિમીંગ અને હોર્સ રાઇડીંગનો આનંદ માણ્યો હતો. દર વર્ષે અમરેલી પરજીયા સોની સમાજનાં પરંપરાગત સ્નેહમિલનમાં જ્ઞાતિબંધુઓએ સ્નેહભોજન કર્યુ હતું. આ સ્નેહમિલનમાં અમરેલીનાં કિશોરકુમાર અને રફીનાં સમન્વય જેવા ઉભરતા કલાકાર શ્રી દિપક સંઘવી તથા શ્રી પલ્લવી પરમારે સંગીત સંધ્યામાં જમાવટ કરી હતી. જેમાં રાજકોટ સોની બોર્ડીગના વિદ્યાર્થીઓ ઝુમ્યા હતાં.

અમરેલી પરજીયા સોની સમાજનાં મોભી શ્રી ધીરૂભાઇ ઝગડા તથા શ્રી કીરણભાઇ નાંઢા, શ્રી વિરેનભાઇ થડેશ્વર, શ્રી ગોપાલ ધોરડા, શ્રી અનીલ થડેશ્વર, શ્રી રાજુભાઇ સાગર, શ્રી પરેશ થડેશ્વર સહિતે ઉઠાવેલ જહેમતથી સુંદર કાર્યક્રમ સંપન્ન થયો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કિરણભાઇ નાંઢાએ કર્યુ હતું. અને કાર્યક્રમનાં પ્રારંભમાં અમરેલીનાં વિદવાન શાસ્ત્રી, કથાકાર, હસ્તરેખા સલાહકાર શ્રી શરદભાઇ દવેએ ગણેશ સ્તવનનું ગાન કરી શુભાશિષ પાઠવ્યાં હતાં.

**શ્રી ભરતભાઇ ચૌહાણે રાજકોટ મહામંડળનાં પ્રમુખશ્રી ધીરૂભાઇને સ્નેહમિલન માટે નિમંત્રણ પાઠવ્યું અને**

## સોનામાં સુગંધ : અમરેલીમાં રાજકોટનાં પરજીયા સોની વિદ્યાર્થીઓનાં ભણતર સાથે જ્ઞાતિભાવના મજબુત બની

**પોતાના ગામથી રાજકોટ અને રાજકોટથી અમરેલી ખાતે ખમીરવંતા પરજીયા સોની સમાજનાં કાર્યક્રમમાં જ્ઞાતિ ભાવનાને મજબુત કરતા પરજીયા સોની સમાજનાં વિદ્યાર્થીઓ**



અમરેલી,

અમરેલી ખાતે પરજીયા સોની સમાજનાં નુતન વર્ષનાં સ્નેહમિલન પ્રસંગમાં ઉપસ્થિત રહેવા માટે અમરેલીથી શ્રી ભરતભાઇ ચૌહાણે રાજકોટ મહામંડળનાં પ્રમુખશ્રી ધીરૂભાઇ સાગરને નિમંત્રણ પાઠવ્યું હતું અને સોનામાં સુગંધ ભળી હોય તેમ સ્નેહમિલનની સાથે સાથે જ પ્રથમ વખત જ રાજકોટમાં પોતપોતાના ગામથી આવી પરજીયા સોની સમાજની બોર્ડિંગમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સાથે પોતાના ગામ ઉપરાંત અન્ય કેવી જ્ઞાતિ ભાવના હોય છે અને કેવો સંપ હોય છે તે જોવાનો લ્હાવો મળ્યો હતો. જેના કારણે અમરેલીમાં રાજકોટનાં પરજીયા સોની વિદ્યાર્થીઓની અભ્યાસ સાથે જ્ઞાતિભાવના મજબુત બની હતી.

પોતપોતાના ગામથી રાજકોટ અને રાજકોટથી અમરેલી ખાતે ખમીરવંતા પરજીયા સોની સમાજનાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહી પરજીયા સોની સમાજનાં વિદ્યાર્થીઓએ અવધ હેરિટેજ રિસોર્ટ ખાતે પ્રથમ વખત જ અભ્યાસની સાથે આનંદ અને તેની સાથે જ્ઞાતિ ભાવનાને પણ નિહાળી હતી. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સમાજ પ્રત્યેની જવાબદારી અને ખમીરવંતા પરજીયા સોની સમાજની પરંપરામાં જોડાવાનો અવસર પ્રાપ્ત થયો હતો.






















**બાબરા પરજીયા સોની સમાજ દ્વારા પરજીયા સોની સમાજનાં મોભી શ્રી ભરતભાઇ ચૌહાણનું સન્માન**

**અવધ હેરિટેજ રિસોર્ટ દ્વારા પરજીયા સોની બોર્ડિંગનાં વિદ્યાર્થીઓને ભણતરમાં ઉપયોગી સ્મૃતિ ભેટ અર્પણ વિદ્યાર્થી શ્રી પ્રેમ ચલ્લાનો બર્થડે ઉજવાયો : વિદ્યાર્થીઓએ સ્વિમીંગ અને હોર્સ રાઇડીંગનો આનંદ માણ્યો**

**દર વર્ષે અમરેલી પરજીયા સોની સમાજનાં પરંપરાગત સ્નેહમિલનમાં જ્ઞાતિબંધુઓએ સ્નેહભોજન કર્યુ**